# 3. પછે શામળિયોજી બોલિયા

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :

1) ગોરાણીએ શ્રીકૃષ્ણ-સુદામાને કયું કામ સોંપ્યુ હતું ?

(A) ગાય દોહવાનું

(B) લાકડાં (બળતણ) લાવવાનું

(C) કુહાડો લાવી આપવાનું

(D) ભિક્ષા માગી લાવવાનું

2) 'પછે શામળિયોજી બોલ્યા' આખું કાવ્ય કોના સંવાદરૂપે આગળ વધે છે?

(A) સાંદીપનિ ઋષિ અને તેમનાં પત્ની વચ્ચે

(B) શ્રીકૃષ્ણ અને સુદામા વચ્ચે

(C) શ્રીકૃષ્ણ અને બલરામજી વચ્ચે

(D) સુદામા અને સાંદીપનિ ઋષિ વચ્ચે

3) શ્રીકૃષ્ણની નમ્રતા કયા વાક્યમાં દેખાય છે?

(A) પછી ગુરુજી શોધવા નીસર્યા

(B) ટાઢે ધ્રુજે આપણી દેહ

(C) મળી જમતા ત્રણે ભ્રાત

(D) તમો પાસ અમો વિદ્યા શીખતા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) સાંદીપનિ ઋષિને પોતાના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સ્નેહ હતો તેવી પ્રતીતિ કયા વાક્યમાં થાય છે?

(A) પછી ગુરુજી શોધવા નીસર્યા.

(B) કહ્યું સ્ત્રીને, “તેં કીધો કેર.”

(C) આપણ હૃદિયા સાથે ચાંપિયા.

(D) (A), (B), (C) ત્રણેય વાક્યોમાં

2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) સાંદીપનિ ઋષિની ચિંતા તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

- સાંદીપનિ ઋષિ ગામડેથી પાછા ફર્યા ત્યારે તેમને જાણ થઈ કે ગોરાણીએ, કૃષ્ણ અને સુદામાને જંગલમાં લાકડાં લેવા મોકલ્યા છે. તે સમયે મુશળધાર વરસાદ વરસતો હતો. આ બંને ક્યાં અટવાયા હશે એની ઋષિને ચિંતા થવા લાગી. ઋષિએ ગોરાણીને કહ્યું કે તમે તે ત્રણેય પર જુલમ કર્યો છે. તરત જ તેઓ વરસતા વરસાદમાં કૃષ્ણ અને સુદામાને શોધવા નીકળ્યા. જંગલમાં ટાઢમાં ધ્રૂજતા બલરામ, કૃષ્ણ અને સુદામાને જોઈ તેમને આલિંગનમાં લીધા અને તેમને આશ્રમમાં લઈ આવ્યા.

2) શ્રીકૃષ્ણ અને બલરામજી વચ્ચે કઈ સ્પર્ધા થઈ હતી ?

- શ્રીકૃષ્ણ અને બલરામજી વચ્ચે કોણ પહેલાં વૃક્ષનું થડ ફાડે, કોણ પહેલાં એમાંથી લાકડાં કાપે અને કોણ પહેલાં એના ભારા તૈયાર કરે એ સ્પર્ધા થઈ હતી.

3. નીચેના પ્રશ્નનો સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો :

1) શ્રીકૃષ્ણ-સુદામાનું વિદ્યાર્થીજીવન તમારા શબ્દોમાં વર્ણવો.

- ‘પછે શામળિયોજી બોલિયા’ આખ્યાનખંડમાં શ્રીકૃષ્ણ-સુદામાનું વિદ્યાર્થીજીવન અને તેમની અતૂટ-મધુર મૈત્રી વર્ણવાઈ છે. શ્રીકૃષ્ણ, તેમના મોટા ભાઈ બલરામજી અને સુદામા સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણ્યા હતા. શ્રીકૃષ્ણ અને સુદામા બે માસ સાથે રહ્યા હતા. બંને વચ્ચે નાનપણથી જ પ્રેમ હતો. તેઓ સાથે ભિક્ષા માગવા જતા, સાથે જમતા અને ઘાસની બનાવેલી એક જ પથારીમાં સાથે સૂતા. તેઓ એકબીજાને પોતપોતાના સુખદુઃખની વાતો પણ કરતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સવારે ઊઠીને વેદની ધૂન કરતા. ગોરાણીએ જંગલમાંથી લાકડાં લાવવાનું કહ્યું ત્યારે પણ તેઓ બંને બલરામજી સાથે જંગલમાં ગયા હતા. તેમણે વૃક્ષના થડ ફાડીને કાપેલાં લાકડાંને દોરડાથી બાંધી ત્રણ ભારા તૈયાર કર્યા હતા. અચાનક મુશળધાર વરસાદ વરસવા લાગ્યો ત્યારે પણ તેમણે એકબીજાનો સાથ છોડ્યો નહોતો. શ્રીકૃષ્ણે સુદામા પાસે એ વાતનો એકરાર કર્યો કે સુદામાએ જ એને વિદ્યા શીખવી હતી. તો સુદામાએ વિનમ્રભાવે એને કૃષ્ણની મહાનતા ગણી.

આમ, શ્રીકૃષ્ણ અને સુદામાનું વિદ્યાર્થીજીવન સહૃદયતા અને ગાઢ મૈત્રીના સંબંધોથી ભરેલું હતું.

4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :

"તમો પાસ અમો વિદ્યા શીખતા, તને સાંભરે રે?
હું ને મોટો કીધો મહારાજ, મને કેમ વીસરે રે?"

- પ્રથમ પંક્તિમાં શ્રીકૃષ્ણ સુદામા પાસે વિદ્યા શીખતા હતા એ વાતનો એકરાર કરે છે. સુદામાએ એમના પર કરેલ ઉપકાર માટે શ્રીકૃષ્ણ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. બીજી પંક્તિમાં સુદામા જણાવે છે કે શ્રીકૃષ્ણે આમ કહીને એમને મોટો કર્યો અર્થાત્ યશ આપ્યો. શ્રીકૃષ્ણની આ મહાનતા છે. સુદામાના આ શબ્દો શ્રીકૃષ્ણ માટે એમનો વિનમ્રભાવ અને સ્નેહ દર્શાવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in